# પ્રેસનોટ રામોલ પોલીસ

## <u>મેટ્રો.પોજેકટમાં ચાલતી ક્રેનમાંથી ડિઝલની ચોરી કરતા ઇસમોને પકડી પાડતી રામોલ પોલીસ</u>

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા ચોરીના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન તા.૨૦/૦૯/૧૯ ના કલાક ૧૩/00 વાગે વસ્ત્રાલ ગોપીડેરીના ઢાળ પાસે આવતા એ.એસ.આઇ છત્રસિંહ ચીમનલાલ નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એકટીવાનંબર. જી.જે.૨૭.સી.એચ.૦૮૨૫ નો ચાલક પોતાના કબ્જાની એકટીવા ઉપર પ્લાસ્ટીકના કેરબામાં ચોરી અગર છળકપટથી મેળવેલ ડીઝલનો જથ્થો લઈ મહાદેવનગર તરફથી આવી અત્રે થઇ સિતારામ સીટી તરફ જનાર છે જે બાતમી હકીકત આધારે

આરોપી:- શ્રવણભાઇ શાંતીજી વાઘેલા ઉવ.૨૨ રહે. જે/૩૦૫ સિતારામ સીટી ગોપી ડેરીના ઢાળ સામે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ અમદાવાદ શહેર

નાની પાસેથી મળી આવેલ ડીઝલ ૩૦ લીટર કિ.રૂ. ૨૦૪૦/- તથા એકટીવા કિ.રૂ. ૩૫,000/- તથા એક ઓપો કંપનીનો મો.ફોન કિ.રૂ.૧૦,000/-મળી કુલ્લે રુપિયા ૪૭,૦૭૦/-નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપીને તા.૨૦/૦૯/૧૯ ના કલાક ૧૪/00 વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ.

બાદ આરોપીની પુછપરછ કરતા સદર ડીઝલ ચોરીનુ હોય અને <u>વિવેશકુમાર મલીખાન પાલ ઉવ.૩૧ રહે.વસ્ત્રાલ ગામ રામોલ અમદાવાદ મુળવતન ગામ પહાડપુર તા. સહારવાત જી.હરદોઇ ઉત્તરપ્રદેશ</u> નાનો મેટ્રો પોજેકટમાં ચાલતી ક્રેન ચલાવતો હોય તે ક્રેનમાંથી કાઢીને આપેલાની હકીકત જણાવતા હોય જેથી આ બાબતે તપાસ કરતા

ફરીયાદીશ્રી યોગેશભાઇ તાલેવારસિંગ ચૌધરી ઉવ.૩૨ રહે. મનં. બી/૪૦૫ પ્રકુતિ પ્લાઝા સાંણદ કડી રોડ સાણંદ જી. અમદાવાદ નાઓએ રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૧/૧૯ ધી ઇપીકો કલમ ૩૮૧, ૪૧૧, ૧૧૪ મુજબની ફરીયાદ આપતા બંન્ને આરોપીઓને ગુનાના કામે અટક કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

Scanned with CamScanner